## આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢબારીયા દ્વારા સોયાબીનની ચોક્સાઇપૂર્વકની ખેતી પધ્ધતિ અંગે ખેડૂત દિનનું આયોજન તા.૦૫/૧૦/૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું

આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર અને આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢબારીઆના સંયુક્ત ઉપક્રમે તા.૦૫/૧૦/૨૦૧૮ ના રોજ સોયાબીનની ચોક્સાઇપૂર્વકની ખેતી પધ્ધતિ પર "ખેડૂત દિન-વ-પાક પરિસંવાદ-૨૦૧૮"નું આયોજન ગામ તેનતળાવ, તા. ડભોઇ, જિ. વડોદરા ખાતે સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. કે.બી.કથીરીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર રહેલ સર્વે મહાનુભાવોનું ડૉ.જી.જે.પટેલ, યુનિટ અધિકારી દ્વારા તેમજ આમંત્રિત મહેમાનોનું ડૉ.કે.એલ.વાઘવાણી, પ્રાધ્યાપક દ્વારા પુષ્પગચ્છ આપી હાર્દિક સ્વાગત કરવામાં આવેલ. મુખ્ય અતિથિ તરીકે ડૉ. અરુણ એ.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી અને શ્રી રોહિતભાઇ પટેલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના ભૂતપૂર્વ સભ્ય તથા અતિથિ વિશેષ તરીકે ડૉ.એચ.આર.પટેલ, સહ સંશોધન નિયામકશ્રી, ડૉ.એચ.બી.પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તેમજ તેનતળાવ ગામના પ્રતિષ્ઠિત અગ્રેસર ખેડૂત શ્રી ચંદ્રકાંતભાઇ મૂળજીભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત મેહમાનો દ્વારા "સોયાબીનની ચોકસાઇપૂર્વકની ખેતી" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ડૉ. જી.જે.પટેલ, યુનિટ અધિકારી દ્વારા હાજર રહેલ ખેડૂતોને સોયાબીનની ખેતી પદ્ધતિ વિશે માહિતગાર કર્યા હતાં. તદઉપરાંત ડૉ.એ.બી.બ્રહ્મભટ્ટ, પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બં.સ.કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા સોયાબીનનાં પાકમાં નુકસાન કરતાં અગત્યનાં રોગો અને તેનું નિયંત્રણ કેવી રીતે કરી શકાય તે અંગેની માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી. કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલના સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ.આર.જી.મછાર દ્વારા સોયાબીનની ખેતીની મહત્વતા વિશે ખેડૂતોને જાણકારી આપવામાં આવી હતી. સોયાબીનની ખેતી દરમ્યાન કયા નીંદણ દ્વારા ખેડૂતોને ઉપજમાં નુકસાન થાય છે તેમજ તેના નિયંત્રણ અંગેની માહિતી ડૉ.બી.ડી.પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, નીંદણ નિયંત્રણ યોજના, આકૃયુ, આણંદ દ્વારા આપવામાં આવી. ડૉ.આર.પી.કાચા, સહ સંશોધન વૈજ્ઞાનિક, ઠાસરા દ્વારા ખેડૂતોને

જમીન આરોગ્ય સુધારણા અંગેની માહિતી આપી કેવી રીતે વધુ ઉત્પાદન મેળવી શકાય તે બાબતે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. પશુપાલનમાં સોયાબીનના ખોળના મહત્વ તેમજ પશુપોષણ અંગેની માહિતી ડૉ.ડી.સી.પટેલ, પ્રાધ્યાપક દ્વારા આપવામાં આવી.

આ કાર્યક્રમ દરમ્યાન શ્રી રોહીતભાઇ પટેલ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના ભૂતપૂર્વ સભ્યએ ગામના ખેડૂતોને વડોદરા જિલ્લામાં નવા રોકડીયા પાક તરીકે સોયાબીનની મહત્વતા વિષે માહિતગાર કરી આ નવા પાકને અપનાવવા માટે આહવાન કરેલ. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ.અરુણ એ. પટેલ દ્વારા ખેડૂતોને સોયાબીનની ખેતીમાં પડતી મુશ્કેલીઓના નિવારણ અંગે માહિતગાર કર્યા તથા ખેડૂત ભાઇઓ અને બહેનોને આણંદ ખાતે તાલીમમાં ભાગ લેવા આવવા માટે પ્રોત્સાહિત કર્યા. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતાં ડૉ.કે.બી.કથીરીયા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી દ્વારા આ વિસ્તારના નવા પાક તરીકે સોયાબીનની ખેતી કરી વધુ ઉપજ મેળવવા માટે ખેડૂતોને આહવાન કરેલ તેમજ હાજર રહેલ ખેડૂત ભાઇઓ અને બહેનોના ખેતીલક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવી સોયાબીનના મૂલ્યવર્ધન અંગે પણ માહિતગાર કર્યા હતા.

સદર કાર્યક્રમમાં અન્ય મહેમાનોમાં શ્રી એમ.કે.કુરેશી, સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), વડોદરા; ડૉ. એસ.જે.પટેલ, નિવૃત્ત આચાર્યશ્રી; શ્રીઆર.એલ.ચોટલીયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, ડભોઇ; ડૉ.એસ.જી.વ્હોરા, સંશોધન વૈજ્ઞાનિક, પશુ પોષણ વિભાગ, આણંદ; શ્રી એ.એલ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, આણંદ ઉપસ્થિત રહ્યા હતા.

આ પાક પરિસંવાદમાં ખેડૂતોને વધારે માહિતી મળી રહે તે માટે નિદર્શન અંગેના સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા સોયાબીનની મૂલ્યવર્ધન બનાવટો; મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા મકાઇની વિવિધ જાતો તેમજ ડાંગર સંશોધન કેન્દ્ર, ડભોઇ દ્વારા ડાંગરની વિવિધ જાતોનું નિદર્શન ગોઠવવામાં આવેલ. તદઉપરાંત આ ગામમાં જે ખેડૂતોના ખેતર ઉપર સોયાબીનના નિદર્શન આપવામાં આવેલ હતા તે ખેતર પર કાર્યક્રમના અધ્યક્ષશ્રી, ઉપરાંત અન્ય મહાનુભાવો, મહેમાનો અને ખેડૂતો સાથે જઇને પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને ખેડૂતોને આ પાક વિષે માહિતગાર કર્યા હતા. આ પાક પરિસંવાદમાં અંદાજીત ૨૪૫ ખેડૂત ભાઇઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અંતમા ડૉ.કે.એમ.વાધવાણી, પ્રાધ્યાપાક દ્વારા હાજર રહેલ સર્વે આમંત્રિત મહાનુભાવો, મહેમાનો તથા ખેડૂત ભાઇઓ-બહેનોનું આભારદર્શન કરીને કાર્યક્રમ પૂર્ણ જાહેર કર્યો.






જય શ્રી
અંબે
સાઉન્ડ
તેન તળાવ






જય શ્રી
અંબે
સાઉન્ડ
તેન તળાવ




POCO
SHOT ON POCO F1
2018/10/5 10:57